૪૦૨/૮,૦૨૨

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫) **સત્સંગ પ્રવેશ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ - અગિયારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૯

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ‘‘આ તમારે તો માણકિયું પૂછડાં ઝાટકે છે.’’ (૩૫)

૨. ‘‘તે બગલમાં વાળંદનો થેલો લઈને નિર્માની બનીને ઊભા છે.’’ (૬૩)

૩. ‘‘તે સ્વામિનારાયણે ધરમ, નિયમ આપ્યા ને અમને શુદ્ધ કર્યા.’’ (૧૩)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. સમૈયામાં જવાથી ચિત્ત નિર્મળ થાય છે. (૩૭)

૨. સત્યકામના મુખ ઉપર બ્રહ્મતેજ ઝળકી ઊઠ્યું. (૨૫)

૩. દાજીભાઈને કુટુંબીઓએ પગે બેડીઓ પહેરાવી ઓરડામાં પૂર્યા. (૫૮)

**પ્ર.૩** ‘રત્નાકર અને ચાર ભાઈઓ’ (૨૦) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ઝમકુબા કોના ત્રાસમાંથી છૂટવા માંગતાં હતાં ? (૫૦)

૨. રાજકુમારે શું આપી બુદ્ધિની માંગણી કરી ? (૬૫)

૩. મહારાજે શીતળદાસને કયા મંત્રની ધૂન કરવા કહ્યું ? (૧૩)

૪. આત્માનંદ સ્વામીને મહારાજનાં દર્શન કયા ગામમાં થયા ? (૨૬)

૫. કયા ચાર મોટા વિદ્વાન સદ્‌ગુરુઓએ વચનામૃત ગ્રંથ તૈયાર કર્યો છે ? (૫૫)

**પ્ર.૫** ‘ભગવાને કહ્યું .....’ (૬૮) - **‘સ્વામીની વાત’ પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. તુમારો તવ ........ રાખિયો પાસ. (૧૯)

૨. રામકૃષ્ણ ગોવિંદ ........ સ્વામિનારાયણ હરે. (૧૬)

૩. પુરુષોત્તમ ....... સહજાનંદજી. (૩૨)

૪. અનન્ત કોટિ ....... નમામિ ॥ (૧૭) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

## વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ - બારમી આવૃત્તિ, ફેબ્રુઆરી - ૨૦૧૦

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ‘‘તમને જે જે ઉપાધિ કરતાં હોય તેનાં નામ આપો. તો હું તેમને નડિયાદની જેલ ભેગા કરી દઉં.’’ (૫૪)

૨. ‘‘દૂરથી પણ જે આ દરવાજાનાં દર્શન કરશે તેને શ્રીજીમહારાજ અને સ્વામી સાક્ષાત્ તેડવા આવશે.’’ (૮૫)

૩. ‘‘તમે સમાધિમાં જાઓ અને મહારાજને અરજી કરો.’’ (૭૯)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. માતા - પિતા બાળક ડુંગરને વસ્ત્ર ઢાંકી બાજુના ઘરમાં મૂકી આવ્યાં. (૪, ૫)

૨. યજ્ઞપુરુષદાસજીને પોતાને ઓરડે જોઈ જાગા સ્વામીને આશ્ચર્ય થયું. (૩૨)

૩. જન્માષ્ટમીના સમૈયા પર સ્વામીશ્રીએ અટલાદરા જવાનું વિચાર્યું. (૯૨)

**પ્ર.૯ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. અભયદાન આપવાની આજ્ઞા (૩૬) ૨. ‘એ તો મારો કોડીલો લાલ’ (૨૩) ૩. સારંગપુરની શોભા (૬૩)

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. શાસ્ત્રીજી મહારાજ માટે ઉચ્ચારેલા કયા શબ્દો સુવર્ણ જયંતીએ સાચા પડ્યા ? (૮૬)

૨. વઢવાણનો તાર સ્વામીશ્રીને ક્યાં મળ્યો ? (૪૪)

૩. ડભોઈમાં કોને ભગતજી પ્રત્યે અભાવ હતો ? (૨૭)

૪. સ્વામીશ્રીની ૮૦મી જયંતી ઊજવવાનો કોણે સૌ પ્રથમ સંકલ્પ કર્યો અને તે ક્યાં ઉજવવામાં આવી ? (૮૩)

૫. ડુંગર ભક્તને કઈ સાલમાં કોની પાસે ભણવા બેસાડ્યા ? (૮)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **‘‘સત્સંગ પ્રવેશ-૨’’** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | | | | | | | | |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સારંગપુર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા (૬૯)

(૧) ☐ આઠ દિવસ સુધી ગામ જમ્યું છતાં શીરો ન ખૂટ્યો.

(૨) ☐ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ ઊંચકાતી ન હતી.

(૩) ☐ સવા બે વર્ષમાં જ મંદિર પૂરું કરી દીધું.

(૪) ☐ પ્રતિષ્ઠાના બે દિવસ પૂર્વે વરસાદ

૨. રંગાચાર્યના ઉદ્‌ગારો ... (૩૦-૩૧)

(૧) ☐ ''યજ્ઞપુરુષદાસજી તો ઠાકરિયો વીંછી છે.''

(૨) ☐ ''આવ્યો બાપ ! બહુ રાહ જોવરાવી ?''

(૩) ☐ ''ગુણીજનોના ગુણ જ પૂજાય છે તેમની જાતિ કે ઉંમર નહિ.''

(૪) ☐ ''अस्मिन् संप्रदाये एकमेव ।''

૩. શાસ્ત્રીજી મહારાજે સ્વહસ્તે કયાં મંદિરોમાં પ્રતિષ્ઠા કરી ? (૫૯, ૮૪)

(૧) ☐ અટલાદરા (૨) ☐ ભાદરા

(૩) ☐ વઢવાણ (૪) ☐ બોચાસણ

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **અંતર ચોખ્ખાં કરવાની સાવરણી :-** કોઠારીએ રાજકોટ કથા કરવાની આજ્ઞા કરી તેમાં ત્રણ હેતુ હતા. પુરાણો ભણાય, ગોંડલ નજીક તેથી ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર અદાશ્રીનો યોગ રહે.

જવાબ : **અંતર ચોખ્ખા કરવાની સાવરણી :-** **ભગતજી**એ રાજકોટ **ભણવાની** આજ્ઞા કરી તેમાં **બે** હેતુ હતા. **સંસ્કૃત વિદ્યા** ભણાય, **જૂનાગઢ** નજીક તેથી **ગુણાતીતાનંદ** સ્વામીના કૃપાપાત્ર **જાગા ભક્તનો** યોગ રહે.

૧. **દિવ્યસમાધિ :** 'ગાંધીજી દાંડીકૂચ નિમિત્તે સ્વામીશ્રીને જૂનાગઢમાં મળ્યા. સ્વામીશ્રીએ કહ્યું, 'દેશને સ્વરાજ્ય મળે તે માટે આ પ્રમુખસ્વામી આજથી માળા ફેરવશે.' (૭૬)

૨. **વઢવાણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિપ્રતિષ્ઠા :** વઢવાણની પ્રતિષ્ઠાના સમાચાર સાંભળીને ભીમજી કોઠારી ઊંડા ઊતરી ગયા અને બોલ્યા, 'સ્વામી કરે તે ખરું !' (૪૪)

૩. **અતૂટ વિશ્વાસ :** બસો મણનો પથ્થર મંદિર ઉપર ચઢાવતાં સાતમાંથી છ દોરડાં તૂટી ગયાં ત્યારે સ્વામીશ્રીની આજ્ઞાથી શંકર ભગતે બધાં જ દોરડાં બાંધી દીધાં. (૭૦)

૪. **ગુરુશિષ્યનો પ્રેમપ્રવાહ :** હરિભક્તો ભગતજી મહારાજનાં દર્શને જતા હતા ત્યારે યજ્ઞપુરુષદાસજીએ હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદીનો ગુલાબનો હાર અને એક માળા ભગતજી મહારાજને ભેટ આપવા મોકલ્યાં. (૨૫)

૫. **ગુણાતીતની આણ :** નાના ગોખરવાળાના હરિભક્ત કરસનભાઈને ગુણાતીતાનંદ સ્વામીએ દર્શન આપીને કહ્યું કે મારા ભક્તની રક્ષા કરવા જાઉં છું. (૫૭)

૬. **ગુણાતીત સમાધિસ્થાનમાં મંદિર :** ગોંડલના મહારાજાએ શરત મૂકી હતી કે એ સ્થાને અક્ષરદેરી કાયમ રાખી પાંચ વર્ષમાં મંદિર પૂરું કરવું અને પચીસ લાખ રૂપિયા ખર્ચવા ! (૭૭)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**